# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email*suratdeo@gmail.com*, *Web – deosurat.org***

જા.નં.પ્રાથમિક/૨૦૨૬/૨૨૨૦ તા.૧૦ /૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

**વિષય** : ધોરણ ૩ થી ૮ માં દ્વિતીય સત્રાંત કસોટી અન્વયે ધ્યાને લેવાની સૂચનાઓ બાબત.

**સંદર્ભ** : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્રાંક:
જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૫-૨૬/૫૦૨૨-૫૧૫૧, તા.૧૦/૦૨/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેના જિલ્લાની તમામ ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓએ આ સાથે સામેલ દ્વિતીય સત્રાંત કસોટી સમયપત્રક ૨૦૨૫-૨૬(ધોરણ ૩ થી ૮) અનુસાર સત્રાંત કસોટી યોજવાની રહેશે તથા ઉક્ત સંદર્ભદર્શિતપત્રમાં જણાવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૫-૨૬ 5022-5151
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 09/02/26

10 FEB 2026

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮ માં દ્વિતીય સત્રાંત કસોટી બાબત.

સંદર્ભઃ (૧)જીસીઈઆરટીની તા.૦૫/૦૨/૨૦૨૬ની સિંગલફાઈલ પર મળેલ મંજૂરી અંતર્ગત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ રાબેતા મુજબ દ્વિતીય સત્રાંત કસોટી લેવાની થાય છે જે અંતર્ગત નીચે મુજબની સૂચનાઓને ધ્યાને લઈ આપના જિલ્લાની તાબા હેઠળની શાળાઓમાં કસોટી યોજવા માટે યોગ્ય કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

<u>દ્વિતીય સત્રાંત કસોટી</u>

દ્વિતીય સત્રાંત કસોટી તા.૦૬/૦૪/૨૦૨૬ થી ૨૨/૦૪/૨૦૨૬ દરમિયાન યોજવાની રહેશે. ધોરણ ૩ થી ૫ની સત્રાંત કસોટી તા. તા.૦૬/૦૪/૨૦૨૬ થી તા.૧૧/૦૪/૨૦૨૬ સુધી તેમજ ધોરણ ૬ થી ૮ની કસોટી તા. તા.૧૩/૦૪/૨૦૨૬ થી તા.૨૨/૦૪/૨૦૨૬ દરમિયાન યોજવાની રહેશે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રક આ સાથે (પરિશિષ્ટ- અ) સામેલ છે. સદર કસોટી માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે અને તે મુજબ સંબંધિત જિલ્લા/કોર્પોરેશન/નગરપાલિકા શિક્ષણ સમિતિઓ દ્વારા કામગીરી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

1) ધોરણ ૩ થી ૮ની દ્વિતીય સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવશે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટીપત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને સોંપવામાં આવશે. આ વર્ષથી સત્રાંત કસોટીમાં ૩૦% પ્રશ્નો પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ પ્રકારનાં Learning Outcome (LO) આધારિત પૂછવાનાં રહેશે.

2) સદર કસોટીમાં ધોરણ ૩ થી ૮ના વિવિધ વિષયોમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમની માસવાર ફાળવણી અનુસાર દ્વિતીય સત્રનો નવેમ્બર થી માર્ચ માસ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે.

3) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટીપત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા (પરિરૂપ) મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે તેમજ સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખા (પરિરૂપ)ના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે.

4) પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલ હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે.

5) સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોનાં સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાનાં રહેશે.

6) ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે.

7) સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીને નિયત કરેલ રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે.

8) જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.

9) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા તૈયાર કરવામાં આવેલ કસોટીપત્રોના છાપકામ, પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ /નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રહેશે.

10) ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાના રહેશે.

11) સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયમાં નકશાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.

12) સમાવેશી શિક્ષણ અંતર્ગત પરીક્ષા પત્રક્માંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/2025/983-1128 09/01/2025 અન્વયે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આપેલ સૂચનાઓને ધ્યાને લેવાની રહેશે.

13) સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે-તે શાળા કક્ષાએ જ કરાવવાની રહેશે.

14) કસોટીના પરિણામની ઓનલાઈન ડેટાએન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર મારફતે અલગથી આપવામાં આવશે.

15) સત્રાંત કસોટી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને શાળામાં વાચન, લેખન, ગણન, અર્થગ્રહણ સાથેની પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે. તેમજ આગામી પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાના રહેશે.

16) સદર પરીક્ષાના સુચારુ અમલીકરણ માટે પરીક્ષા દરમિયાન મોનીટરીંગ સ્ટાફ( CRC-BRC કો-ઓર્ડિનેટર, BRP, કેળવણી નિરીક્ષક, TPEO, SSA જિલ્લા કો-ઓર્ડિનેટર, DIET લેક્ચરર વગેરે) દ્વારા સઘન મોનીટરીંગ કરાવવાનું રહેશે.

17) પરીક્ષા અંગેની વખતોવખતની સૂચનાઓને ધ્યાને લેવાની રહેશે. પરીક્ષા અંગેની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનીયતાની ગંભીર તકેદારી રાખવાની રહેશે.

(પી.કે.ત્રિવેદી)
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

(પી.કે.ત્રિવેદી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

બિડાણઃ ધોરણ ૩ થી ૮ દ્વિતીય સત્રાંત કસોટી- સમયપત્રકઃ ૨૦૨૫-૨૬

નકલ સવિનય રવાનાઃ

- અંગત સચિવશ્રી , માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

# દ્વિતીય સત્રાંત કસોટી સમયપત્રક ૨૦૨૫-૨૬ (ધોરણ ૩ થી ૮)

| દિવસ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૬/૦૪/૨૦૨૬ | સોમવાર | ૩ થી ૫ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૨ | ૦૭/૦૪/૨૦૨૬ | મંગળવાર | ૩ થી ૫ | ગણિત | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૩ | ૦૮/૦૪/૨૦૨૬ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૪ | ૦૯/૦૪/૨૦૨૬ | ગુરૂવાર | ૩ થી ૫ | હિન્દી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૫ | ૧૦/૦૪/૨૦૨૬ | શુક્રવાર | ૩ થી ૫ | અંગ્રેજી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૬ | ૧૧/૦૪/૨૦૨૬ | શનિવાર | ૩ થી ૫ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/ તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૦૮-૦૦ થી ૧૦-૦૦ | ૪૦ |
| ૭ | ૧૨/૦૪/૨૦૨૬ | રવિવાર | રજા | | | |
| ૮ | ૧૩/૦૪/૨૦૨૬ | સોમવાર | ૬ થી ૮ | ગુજરાતી(પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૯ | ૧૪/૦૪/૨૦૨૬ | મંગળવાર | ડૉ. આંબેડકર જયંતીની રજા | | | |
| ૧૦ | ૧૫/૦૪/૨૦૨૬ | બુધવાર | ૬ થી ૮ | ગણિત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૧ | ૧૬/૦૪/૨૦૨૬ | ગુરૂવાર | ૬ થી ૮ | હિન્દી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૨ | ૧૭/૦૪/૨૦૨૬ | શુક્રવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૩ | ૧૮/૦૪/૨૦૨૬ | શનિવાર | ૬ થી ૮ | અંગ્રેજી (પ્રથમભાષા /દ્વિતીયભાષા) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૪ | ૧૯/૦૪/૨૦૨૬ | રવિવાર | રજા | | | |
| ૧૫ | ૨૦/૦૪/૨૦૨૬ | સોમવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૬ | ૨૧/૦૪/૨૦૨૬ | મંગળવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૧૭ | ૨૨/૦૪/૨૦૨૬ | બુધવાર | ૬ થી ૮ | પ્રથમભાષા (મરાઠી/ઉડિયા/ તેલુગુ/તમિલ/ઉર્દૂ) | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |